# માતૃભાષા સપ્તાહ ઉજવીએ

૨૧મી ફેબ્રુઆરી એટલે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ.તે દિવસને આખી દુનિયા માતૃભાષા દિવસ તરીકે ઉજવે છે. ૨૧મી ફેબ્રુઆરી પૂર્વે આ લેખ લખવા પાછળનો ઈરાદો એ છે કે, સંસ્થા કે વ્યક્તિ માનસિક રીતે સજ્જ થાય, સપ્તાહ કે દિવસ ઉજવવાની પૂર્વ તૈયારી કરી શકે.ગુજરાતમાં પણ શાળા-કોલેજો અને કેટલીક સંસ્થાઓ આ દિવસને ઉજવશે જ. ત્યારે આપણે સૌ આપણી માતૃભાષા માટેનું ગૌરવ વ્યક્ત કરીએ અને તેનું સંરક્ષણ તેમજ સંવર્ધન કરવા માટેની આપણી ફરજ બજાવવા માટે માત્ર એક જ દિવસ નહીં પણ પૂરા સપ્તાહની ઉજવણી કરીએ.

વ્યક્તિના વિકાસમાં તેની માતૃભાષાનું ઘણું મહત્ત્વ છે. આમ છતાં કેટલાક લોકો તેને જાણીને કે અજાણતા પણ પોતાની મા (ગુજરાત) કરતાં માસી (અંગ્રેજી)ને વધારે મહત્ત્વ આપે છે. માસીને પ્રેમ કરે તેની સામે વાંધો ન હોઈ શકે, પણ માને છોડીને માસીને પ્રેમ કરવો તે યોગ્ય તો નથી જ પણ નુકશાનકારક છે. આ નુકશાન માસીને જીવ કરતાં પણ વધારે ચાહનારને જે તે સમયે દેખાતુ નથી. વ્યક્તિ કોઈપણ જ્ઞાન ભલે ગમે તે ભાષા દ્વારા મેળવતો હોય પણ તેની સમજ તો તે માતૃભાષા દ્વારા જ મેળવે છે. એટલું જ નહીં પોતાના મનમાં ચાલતા વિચારો માતૃભાષામાં જ ચાલતા હોય છે. વ્યક્તિ માતૃભાષામાં જેટલું સરળતાથી પ્રત્યાયન (વાતચીત) કરી શકે છે તેટલી સરળતા અન્યભાષામાં ન જ આવે. પોતાના સમાજમાં પોતાનું સ્થાન-મોભો નક્કી કરવામાં માતૃભાષા દ્વારા કરવામાં આવતો વ્યવહાર ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. સમાજમાં નેતૃત્વ લેવા કે અસરકારક સભ્ય બનવા માતૃભાષાની જ ટેકારૂપી લાકડી જોઈએ. બીજી ભાષા પાંખ બની શકે પણ આંખ ક્યારેય ન બની શકે. પાંખથી ઊડી શકશો પણ આંખ વગર કઈ દીશામાં જશો? અરે ! વ્યક્તિને સ્વપ્ન પણ પોતાની માતૃભાષામાં જ આવે. આવી સદ્ધરતા અન્ય કોઈપણ ભાષા આપી ન શકે. માતૃભાષાના મહત્ત્વ વિશે ગાંધીજીના વિચારો જાણીને ઉતારવા જેવા છે. “બાળકના દેહના વિકાસ માટે માતાનું દૂધ જેમ સ્વાભાવિક છે તેમ તેના મગજના વિકાસ માટે માતૃભાષા સ્વાભાવિક છે. બાળક શિક્ષણની શરૂઆત મા પાસેથી કરે છે. આથી બાળકના માનસિક વિકાસ માટે તેની માતૃભાષા કરતા જુદી ભાષા લાદવી એને હું માતૃભૂમિ સામેનો અપરાધ ગણું છું.” ( ગાંધીજીનો અક્ષરદેહ, પેજ.૪૨૯).

અન્ય ભાષાનું શિક્ષણ લેવા સામે વિરોધ ન હોઈ શકે. એ તો ખૂબ જ સારી બાબત છે. અત્યારે વાલીઓ પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં પ્રાથમિક શાળાથી જ ભણવા મૂકવા માંડયા છે. ત્યારે તેવા વાલીઓનું ધ્યાન દોરવાની ઈચ્છા થાય કે, તમે તમારા બાળકોને અંગ્રેજી ભણાવો, પણ અંગ્રેજી માધ્યમમાં નહીં. અંગ્રેજી અપનાવો પણ ગુજરાતીને છોડીને નહીં. દોસ્તો એટલું ધ્યાન રાખજો કે જ્યારે માતૃભાષા નબળી પડે કે ખતમ થાય ત્યારે તમારા બાળકમાં સંસ્કાર સિંચવાનું ખૂબ જ મુશ્કેલ પડશે. ભવિષ્યમાં તે બાળકો તમને કેટલો આધાર અને આશરો આપશે તે તમે કલ્પી નહીં શકો. તમારે તમારા બાળકને તમારો રાખવો હોય તો તે કામ માતૃભાષા દ્વારા જ શક્ય બનશે. દુનિયાના ઘણાં વિકસિત અને વિકાસશીલ દેશોમાં શિક્ષણ તેમની માતૃભાષામાં જ અપાય છે. જેમકે, રશિયા, ચીન, સ્વીડન, ઈઝરાયલ વગેરે. આ દેશ માનો પાલવ પકડીને આગળ વધે છે, માસીની આંગળી પકડીને નહીં. આ બાબતને માતૃભાષાનું ઝનૂન ન સમજતાં તેના ગૌરવને સમજો.

સમાજ, સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓએ એક સાથે માતૃભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટેના પ્રયત્નો કરવા પડશે. જેમાં સરકારી અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, સાહિત્યકારો, ધર્મગુરુઓ અને શિક્ષકોએ વિશેષ જવાબદારી ઉઠાવવાની છે. શાળા-કોલેજો આવતું સપ્તાહ "માતૃભાષા ગૌરવ સપ્તાહ" તરીકે ઉજવીને પોતાની ફરજ અદા કરે. જેમાં ગુજરાતી ભાષાની ગૌરવગાથા બાળકો સમક્ષ લાવો, તેમના મનમાં સ્થાપિત કરો અને વાલી સુધી આ વાતને પહોંચાડો. આ સપ્તાહમાં કેવા કાર્યક્રમ કરી શકાય ? જેમકે, ગુજરાતની અમર સાહિત્યકૃતિઓની ટૂંકમાં વાત થાય, ગુજરાતી લોકગીતો - કાવ્યો- ભજનો વગેરે ગવડાવી શકાય. જેમાં હાલરડાં અને લગ્નગીતો પણ હોય જ, સંસ્થામાં કોઇ કવિ કે લેખકને આમંત્રીને પ્રવચન રાખવું. જાણીતા સર્જકોનો પરિચય કરાવવો, પુસ્તકો અને ફોટોગ્રાફસનું પ્રદર્શન યોજવું, વકતૃત્વ સ્પર્ધામાં વાર્તાઓ કહેવડાવવી, ગુજરાતી કહેવત, ઉખાણા, જોડકણાંના ચાર્ટસ બનાવવા. ટૂંકમાં ડાબા હાથે મૂકાયેલ ગુજરાતી સાહિત્યને શોધો અને બાળકો સમક્ષ મૂકો.

માતૃભાષા પ્રત્યે પ્રેમ અને ગૌરવ ધરાવનાર અનેક સંસ્થા અને લોકો ગુજરાતમાં છે. જેનું નેતૃત્વ સંદેશ સમાચાર પત્રે લીધું હતુ. કારણ કે સંદેશ સમાચારપત્રમાં માતૃભાષા વિશે અનેક લેખ આવી ગયા. કેટલીક સંસ્થાઓ અને વ્યકિતઓએ પણ ગૌરવગાથા ગાવાનું અને અન્ય લોકોને આ ગાથામાં સામેલ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેમકે, ગુજરાતી સાહિત્ય પરિષદ, મોરારી બાપુ,ભીખુદાન ગઢવી, સાંઇરામ દવે, ગુણવંત શાહ વગેરે દ્વારા ગુજરાતી માતૃભાષા અને સાહિત્ય માટે અથાગ પ્રયત્નો થઇ રહ્યાં છે.જેમાં જોડાઇ જવું જોઇએ અથવા તો પોતાની રીતે પોતે ઇચ્છે તેવા પ્રયત્નો થકી ગુજરાતી ભાષાને સંવર્ધિત કરવાની છે. બીજી ભાષાના આક્રમણ સામે ગુજરાતી ભાષાનું સંક્રમણ પણ કરવાનું છે.

અંતે ગુજરાતી ભાષાનું આગવું ગૌરવ યાદ કરાવું ? અહીં કેટલાંક શબ્દો આપ્યા છે તેનો પર્યાય અંગ્રેજીમાં કે અન્યભાષામાં મળશે ? અખંડ સૌભાગ્યવતી, કન્યાદાન, સીમંત, પ્રભાતિયા, ભીષ્મપ્રતિજ્ઞા, સાળાવેલી, કૂવા, સાઢૂભાઇ, નાતરું, ચોઘડીયું, રામણદીવો, હાલરડું, ખોળાનો ખુંદનાર, રવાના કરવું, આનંદમંગલ, ભયોભયો, દીવેટ, શીવરાત્રી, વાઘબારસ, ધનતેરસ. ગુજરાતી કહેવત કે રૂઢિપ્રયોગ દ્વારા એક જ સેકન્ડમાં સમજાતો ઊંડાણપૂર્વકનો અર્થ અન્યભાષામાં સમાજાશે? જેમકે, દેવલોક પામ્યા, બંગડી નંદવાઇ જવી, દુકાનને વસ્તી કરવી, મોભે પાણી ચડાવવાં, ટેસડો પડી ગયો વગેરે. શું આ બધા શબ્દોના સમાનાર્થી અન્ય ભાષામાં મળશે ? નહીં જ મળે, કારણ કે આપણી કંપનીનો માલ છે. મા, માતૃભૂમિ અને માતૃભાષાના આપણી પર અનેક ઉપકાર છે. તેની સાથેના સંબંધો શબ્દોથી ન વર્ણવી શકાય. મા, માતૃભૂમિ અને માતૃભાષાને પ્રેમ કરવાનું શીખવવાનું ન હોય. છતાંય આ માટે પ્રયત્નો કરવા પડે એ જ આપણી નબળાઇ ગણાય. આવો સૌ મિત્રો આપણે આપણી આ નબળાઇને દૂર કરીએ.

**dr.ashokpatel@in.com**